ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન

# Indian Institute of Teacher Education

(A State Public University established by Government of Gujarat)

॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥

## કલાકુંજ – ૨૦૨૧ આઈ.આઈ.ટી.ઈ. યુવક મહોત્સવ માટેનાં નિયમો

૧. ઓનલાઈન સ્પર્ધા માટેની લીંક વિદ્યાર્થીને, પ્રિન્સીપાલશ્રીને અથવા સંયોજકશ્રીને ઈમેઈલનાં માધ્યમથી મોકલવામાં આવશે.

૨. પ્રત્યેક પ્રતિસ્પર્ધીએ પોતાની કૃતિ પ્રદર્શિત કરતા પહેલા પોતાનું આધારકાર્ડ કમિટી સમક્ષ ચકાસણી કરાવી ત્યારબાદ પ્રસ્તુતિ આપવાની રહેશે.

૩. વિદ્યાર્થી તમામ ઓનલાઈન સ્પર્ધાઓમાં નિયત પ્લેટફોર્મ ઉપર લાઈવ પ્રસ્તુત કરવાની રહેશે. કોઈપણ પ્રકારનું રેકોર્ડીંગ કે અન્ય વ્યવસ્થાપન દ્વારા માન્ય ગણાશે નહીં. પ્રતિસ્પર્ધીઓએ આયોજક દ્વારા નિયત થયેલા ક્રમ મુજબ પ્રસ્તુતિ કરવાની રહેશે.

૪. દરેક ફાઈન આર્ટસની સ્પર્ધાઓ માટે પ્રતિસ્પર્ધી દ્વારા પોતાનો કેમેરો પોતે જે કૃતિ તૈયાર કરે છે તે નિર્ણાયકશ્રી સ્પષ્ટ જોઈ શકે તેવી રીતે સેટ કરવાનો રહેશે. નિર્ણાયકશ્રીઓ દ્વારા સતત તૈયાર થનાર કૃતિનું જિવંત મૂલ્યાંકન કરશે.

૫. વિદ્યાર્થી તમામ ઓનલાઈન સ્પર્ધાઓમાં સંબંધિત કોલેજ ખાતેથી વિદ્યાર્થી પ્રસ્તુતિ આપે તે ઈચ્છનીય છે. અગમ્ય કારણોસર પ્રતિસ્પર્ધી પોતાના ઘરેથી અથવા અન્ય અનુકુળ જગ્યાએથી પ્રસ્તુતિ આપી શકે છે.

૬. પ્રત્યેક પ્રતિસ્પર્ધીએ જે લીંક મોકલવામાં આવે તેના માધ્યમથી સમયપત્રક મુજબનાં નિયત સમયે સ્પર્ધા માટે જોડાવાનું રહેશે. નિયત સમય મર્યાદા બાદ કોઈપણ પ્રતિસ્પર્ધીને પ્રસ્તુતિ માટેની તક આપવામાં આવશે નહીં.

૭. મ્યુઝિક કેટેગરીની તમામ સ્પર્ધાઓ માટે સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ કરવાનાં કિસ્સામાં સાઉન્ડ સીસ્ટમનું સેટીંગ મોનો મોડમાં રાખવાનું રહેશે. ઈકો મોડમાં પ્રસ્તુતિકરણ માન્ય ગણાશે નહીં.

રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, મહાત્મા મંદિર પાસે,ખ રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૧૬
Ramkrushna Paramhans Vidhya Sankul, Nr. Mahatma Mandir, Kh-Road, Sector-15, Gandhinagar-382016, Gujarat, India
Fax: 079-23288016, Phone: +91-79-23287338, 23243733/34
**Email**: contact@iite.ac.in, **Web** :www.iite.ac.in iitegandhinagar

# ૧. સંગીત

## ૧.૧ શાસ્ત્રીય ગાયન (વ્યક્તિગત) : (હિન્દુસ્તાની / કર્ણાટકી)

૧. સંસ્થાદીઠ એક એન્ટ્રી મોકલી શકાશે. સ્પર્ધાનો સમયગાળો ૬ થી ૧૦ મિનિટનો રહેશે.

૨. વાજિંત્ર અનુકુલનનો મહત્તમ સમય ૫ મિનિટનો રહેશે.

૩. સંગીત સાથીઓની મહત્તમ સંખ્યા બે રહેશે.

૪. પ્રસ્તુતિ હિન્દુસ્તાની અથવા કર્ણાટકી શૈલીમાં કરી શકાશે.

૫. સિનેમા ગીતો રજુ કરી શકાશે નહીં.

૬. રાગ અને કૃતિની પસંદગીમાં પૂરતી કાળજી લેવી આવશ્યક છે.

૭. નિર્ણાયકોનો નિર્ણય તાલ, રાગની પસંદગી, રચના અને હાવભાવ જેવા ગુણો આધારિત રહેશે.

## (૧.૨) શાસ્ત્રીય વાદન (વ્યક્તિગત) (તાલ વાદ્ય)

૧. સંસ્થાદીઠ એક એન્ટ્રી મોકલી શકાશે. સ્પર્ધાનો સમયગાળો ૬ થી ૧૦ મિનિટનો રહેશે.

૨. વાજિંત્ર અનુકુલનનો મહતમ સમય ૫ મિનિટનો રહેશે.

૩. સંગીત સાથીઓની મહત્તમ સંખ્યા બે રહેશે.

૪. પ્રતિસ્પર્ધીઓએ પોતાના સાધનો લાવવા આવશ્યક છે.

૫. કૃતિ હિન્દુસ્તાની અથવા કર્ણાટકી શૈલીમાં રજૂ કરી શકાશે.

૬. નિર્ણાયકોનો નિર્ણય તાલ, રાગની પસંદગી, રચના અને હાવભાવ જેવા ગુણો ઉપર આધારિત રહેશે.

## ૧.૩ શાસ્ત્રીય વાદન (વ્યક્તિગત) ( સ્વર વાદ્ય)

૧. સંસ્થાદીઠ એક એન્ટ્રી મોકલી શકાશે. સ્પર્ધાનો સમયગાળો ૬ થી ૧૦ મિનિટનો રહેશે.

૨. વાજિંત્ર અનુકુલનનો મહતમ સમય ૫ મિનિટનો રહેશે.

૩. સંગીત સાથીઓની મહતમ સંખ્યા બે રહેશે.

૪. પ્રતિસ્પર્ધીઓએ પોતાના સાધનો લાવવા આવશ્યક છે. ઈલેક્ટ્રીક કેસીયોનો ઉપયોગ કરી શકાશે નહીં.

૫. ભારતીય રાગ પ્રણાલીમા અપનાવાયેલ પશ્ચિમી મૂળના ઉપકરણોનો ઉપયોગ કરી શકાશે.

૬. કૃતિ હિન્દુસ્તાની અથવા કર્ણાટકી શૈલીમાં રજૂ કરી શકાશે.

૭. નિર્ણાયકોનો નિર્ણય તાલ, રાગની પસંદગી, રચના અને સામાન્ય પ્રભાવ જેવા ગુણો ઉપર આધારિત રહેશે.

## (૧.૪) હળવું કંઠ્ય સંગીત (ભારતીય)

૧. સંસ્થાદીઠ એક એન્ટ્રી મોકલી શકાશે. સ્પર્ધાનો સમયગાળો ૪ થી ૬ મિનિટનો રહેશે.

૨. વાજિંત્ર અનુકુલનનો મહતમ સમય ૨ મિનિટનો રહેશે.

૩. સંગીત સાથીઓની મહતમ સંખ્યા બે રહેશે.

૪. ફકત બિન–ફિલ્મી ગીતો / ગઝલ / ભજન / અભંગ રજૂ કરી શકાય છે.

૫. નિર્ણાયકોનો નિર્ણય તાલ, રાગની પસંદગી, રચના અને હાવભાવ જેવા ગુણો આધારિત રહેશે.

## (૧.૫) પશ્ચિમી ગાયન (વ્યક્તિગત)

૧. સંસ્થાદીઠ એક એન્ટ્રી મોકલી શકાશે. સ્પર્ધાનો સમયગાળો ૪ થી ૬ મિનિટનો રહેશે.

૨. વાજિંત્ર અનુકુલનનો મહત્તમ સમય ૨ મિનિટનો રહેશે.

૩. સંગીત સાથીઓની મહત્તમ સંખ્યા બે રહેશે.

૪. ગીતની ભાષા અંગ્રેજી રહેશે.

૫. નિર્ણાયકોનો નિર્ણય રચના, લય, સંકલન અને હાવભાવ જેવા ગુણો આધારિત રહેશે.

## (૧.૬) સમૂહ ગાન (ભારતીય)

૧. સંસ્થાદીઠ એક એન્ટ્રી મોકલી શકાશે. સ્પર્ધાનો સમય મહત્તમ ૧૦ મિનિટનો રહેશે. જેમાં સંગીત અનુકુલનનો સમય સામેલ નથી. મ્યુઝીક સેટઅપનો સમય ૪ મીનીટથી વધુ ન થવો જોઈએ.

૨. દરેક ટીમ દ્વારા બે ગીતો રજૂ કરવાના રહેશે, એક દેશભકિત અને બીજુ લોકગીત રહેશે.

૩. જુથમાં વધુમાં વધુ ૬ ગાયકો અને સંગીત સાથીઓની સંખ્યા ત્રણ રહેશે.

૪. સમૂહ ગીતો ભારતીય ગીતોમાંથી લેવા જે પ્રાદેશિક ભાષાઓમાં હોઈ શકે.

૫. ફિલ્મીગીત રજુ કરી શકાશે નહીં.

૬. નિર્ણાયકોનો નિર્ણય ફકત ગાયનની ગુણવત્તાના આધારે રહેશે, ટીમના મેક–અપ, કોસ્ચ્યુમ અને હાવભાવનાં આધાર પર નહીં.

## (૧.૭) સમૂહ ગાન (પશ્ચિમી)

૧. સંસ્થાદીઠ એક એન્ટ્રી મોકલી શકાશે. સ્પર્ધાનો સમય મહત્તમ ૧૦ મિનિટનો રહેશે. જેમાં સંગીત અનુકુલનનો સમય સામેલ નથી. સંગીત અનુકુલનનો સમય ૫ મીનીટથી વધુ ન થવો જોઈએ.

૨. સમૂહગાન અંગ્રેજી ભાષામાં હોવા જોઈએ.

૩. જુથમાં વધુમાં વધુ ૬ ગાયકો અને સંગીત સાથીઓની સંખ્યા ત્રણ રહેશે.

૪. નિર્ણાયકોનો નિર્ણય ફકત ગાયનની ગુણવત્તાના આધારે રહેશે, ટીમના મેક–અપ, કોસ્ચ્યુમ અને હાવભાવનાં આધાર પર નહીં.

## (૧.૮) લોકવાદ્યવૃંદ

(૧) સંસ્થાદીઠ એક એન્ટ્રી મોકલી શકાશે. સમયગાળો ૭–૧૦ મીનીટનો રહેશે.

(૨) જૂથમાં બધા છોકરાઓ અથવા બધી છોકરીઓ અથવા સંયુકત હોઈ શકે.

(૩) મહતમ પ્રતિસ્પર્ધી સંખ્યા ૧૨ રહેશે.

(૪) સંગીત અનુકુલનનો સમય મહત્તમ ૫ મીનીટનો રહેશે.

(૫) મહત્તમ ત્રણ પ્રોફેશનલ એકમ્પનીસ્ટ(બહારથી વ્યાવસાયિક સંગીત સાથીદારો)ની સેવાઓ મેળવી શકાશે. જે વિદ્યાર્થી સહભાગીઓથી જુદા પરિધાનમાં હોવા જોઈએ જેથી તેઓની સરળતાથી ઓળખ થઈ શકે. જેમની બેઠક / ઉભા રહેવાની વ્યવસ્થા અલગ કરવાની રહેશે અને તેઓ ટીમનું નેતૃત્વ નહી કરી શકે.

## (૧.૯) પશ્ચિમી વાદ્ય (વ્યકિત્તગત)

(૧) સંસ્થાદીઠ એક એન્ટ્રી મોકલી શકાશે. સમયગાળો ૬–૮ મીનીટનો રહેશે.

(૨) ભાગ લેનાર કોઈપણ (તાલ/સ્વર) વાદ્ય પર પશ્ચિમી સંગીત રજુ કરવાનું રહેશે.

(૩) સંગીત અનુકુલનનો સમય મહત્તમ ૩ મીનીટનો રહેશે.

(૪) સંગીત સાથીદારોની મહત્તમ સંસ્થા ૨ રહેશે.

(૫) પ્રતિસ્પર્ધીએ પશ્ચિમી સંગીતની વિવિધ શૈલીઓ પૈકી કોઈપણ શૈલીનો ઉપયોગ કરવાનો રહેશે.

## ૨ નૃત્ય

### (૨.૧) લોકનૃત્ય / આદિજાતિ નૃત્ય

(૧) સંસ્થા દીઠ માત્ર એકજ કૃતિ રજુ કરી શકાશે.

(૨) ટીમ દીઠ વધુમાં વધુ ૧૨ સહભાગીઓ ભાગ લઈ શકશે. ટીમમાં બધા છોકરાઓ, બધી છોકરીઓ અથવા બંન્નેનું મિશ્રણ હોઈ શકે છે.

(૩) સંગીત સહાયકોની સંસ્થા મહત્તમ પાંચ છે.

(૪) નૃત્ય પ્રાચીન અથવા લોક નૃત્ય(ભારતીય પ્રકાર)હોઈ શકે છે. શાસ્ત્રીય નૃત્ય રજુ કરી શકાશે નહીં.

(૫) નૃત્યનો સમયગાળો ૧૦ મિનિટથી વધુ ન થવો જોઈએ.

(૬) ભાગ લેનાર ટીમ તેમના પ્રદર્શન પૂર્ણ થયા પછી તરજ જ તેમના સેટ / અન્ય સામગ્રી વગેરે દૂર કરવા જવાબદાર રહેશે.

(૭) નિર્ણાયકોનો નિર્ણય લય, રચના, અભિવ્યકિત, પોષાક, મેક–અપ, પ્રભાવ તથા ઉપયોગમાં લેવાયેલ સાધનોનાં આધારે કરવામાં આવશે.

(૮) સાધનો(ડાન્સ પ્રોપર્ટીઝ) / સંગીત ગોઠવણી માટેનો મહત્તમ સમય ૫ મિનિટનો રહેશે.

રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, મહાત્મા મંદિર પાસે,ખ રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૧૬
Ramkrushna Paramhans Vidhya Sankul, Nr. Mahatma Mandir, Kh-Road, Sector-15, Gandhinagar-382016, Gujarat, India
Fax: 079-23288016, Phone: +91-79-23287338, 23243733/34
**Email**: contact@iite.ac.in, **Web** :www.iite.ac.in iitegandhinagar

## (૨.૨) શાસ્ત્રીય નૃત્ય (ભારતીય)

(૧) સંસ્થા દીઠ માત્ર એક જ કૃતિ રજુ કરી શકાશે.

(૨) શાસ્ત્રીય નૃત્ય કોઈપણ નૃત્યની શાળાઓમાંથી હોઈ શકે છે. જેમ કે કથક, કથકલી, ભારતનાટયમ, મણિપુરી, કુચીપુડી, મોહિનીઅટ્ટમ, ઓડિસી વગેરે.

(૩) ભાગ લેનારને તૈયારી માટોનો સમય સહિત ૧૫ મિનિટ સુધી મંજુરી આપવામાં આવશે. મહત્તમ ત્રણ સંગીત સહાયકો સાથે રહી શકે છે..

(૪) નિર્ણાયકોનો નિર્ણય તાલ, તકનીક, લય, અભિનય અથવા અભિવ્યકિત્ત અને હાવભાવ છાપ જેવા ગુણો પર આધારિત રહેશે.

(૩) સંગીત સહાયકોની સંખ્યા મહત્તમ ત્રણ છે.

(૪) પ્રિરેકોર્ડેડ ઓડીયો અથવા સાઉન્ડ ટ્રેકનો ઉપયોગ કરી શકાશે. અલબત્ત જિવંત સંગીત સાથે કૃતિ રજુ થાય તે ઈચ્છનીય છે.

# (૩) સાહિત્યિક

## ૩.૧ પ્રશ્નમંચ

(૧) પ્રત્યેક સંસ્થા ત્રણ વ્યકિત્તઓની ટીમ મોકલી શકશે.

(૨) કિવઝ દ્રશ્યશ્રાવ્ય / મૌખિક પ્રશ્નોત્તરી પ્રકારની હશે.

(૩) મૂલ્યાંકન પ્રક્રિયા, જવાબો આપવાનો સમય, રાઉન્ડનો પ્રકાર વગેરે ચોકકસ નિયમો સ્પર્ધાની શરૂઆત પહેલા સમજણ આપવામાં આવશે.

(૪) પ્રશ્નમંચ સ્પર્ધાની ભાષા ગુજરાતી/અંગ્રેજી રહેશે.

## ૩.૨ વકતૃત્વ

(૧) દરેક સંસ્થા એક સ્પર્ધક મોકલી શકાશે.

(૨) અભિવ્યક્તિનું માધ્યમ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજિ રહેશે.

(૩) દરેક વકતાને મહત્તમ પાંચ મિનિટ સુધી બોલવાનો અવસર આપવામાં આવશે.

(૪) વકતૃત્વનો વિષયની એક દિવસ અગાઉ ઘોષણાા કરવામાં આવશે.

(૫) પ્રસ્તુતિનું મૂલ્યાંકન કોઈપણ એક ભાષાને ધ્યાને લઈ કરવામાં આવશે.

(૬) ગદ્ય, કવિતા કે ગીતનો સમાવેશ કરવાનો રહેશે નહીં.

(૭) પ્રસ્તુતિકરણનો ક્રમ ડ્રો નાં આધારે નક્કી કરવામાં આવશે.

## ૩.૩ વાદ વિવાદ

(૧) પ્રત્યેક સંસ્થાએ બે પ્રતિસ્પર્ધી મોકલવાનાં રહેશે. એક વિદ્યાર્થી વિષયનાં પક્ષમાં અને બીજો વિદ્યાર્થી વિરૂધ્ધમાં વકતવ્ય આપશે.

(૨) અભિવ્યક્તિનું માધ્યમ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજિ રહેશે.

(૩) વિષય એક દિવસ અગાઉ ઘોષણા કરવામાં આવશે.

(૪) દરેક ચર્ચા કરનારને મહત્તમ પાંચ મિનિટ સુધી બોલવાની મંજૂરી આપવામાં આવશે.

(૫) દરેક સંસ્થામાંથી સ્પર્ધકો વિષયનાં પક્ષમાં અને વિરૂધ્ધ બોલશે. કાગળમાંથી વાંચીને પ્રસ્તુતિ કરી શકાશે નહીં.

# ૪ થિયેટર

## ૪.૧ એકાંકી

(૧) દરેક સંસ્થામાંથી એક કૃતિ મોકલી શકાશે.

(૨) સમયગાળો ૩૦ મિનિટ એન પાંચ મિનિટ વધારાની આપવામાં આવશે.

(૩) ટીમને સ્ટેજ સોંપવામાં આવે અથવા ટીમ પરિચય આપવાનું શરૂ કરે ત્યારથી જ સમયની ગણતરી ધ્યાને લેવામાં આવશે. ખાલી સ્ટેજથી ખાલી સ્ટેજનું કડક રીતે પાલન કરવામાં આવશે. સ્ટેજ સેટીંગ અને સેટ અને સામગ્રીને દૂર કરવા માટે સ્ટેજનો હવાલો સંભાળ્યા પછી ૧૦ મિનિટ સુધીનો સમય રહેશે.

(૪) સહભાગીઓની સંખ્યા નવથી વધુ ન હોવી જોઈએ અને સાથે બેક સ્ટેજ / સહાયકોની સંખ્યા ત્રણથી વધુ ન હોવી જોઈએ. ભાગ લેનાર ટીમે તેમની સાથે પોતાના સેટ / સ્ટેજ પ્રોપર્ટીઝ વગેરે લાવવાનું રહેશે. સામાન્ય ફર્નિચર(ટેબલ – ખુરશી) વગેરે તથા લાઈટીંગની વ્યવસ્થા અગાઉથી જાણ કરવાનાં કિસ્સામાં આયોજકો દ્વારા પૂરી પાડવામાં આવશે.

(૫) ભાગ લેનાર ટીમે નાટકની રજૂઆતના ઓછામાં ઓછા એક કલાક પહેલા સ્પર્ધાનાં સંયોજકને જાણ કરવી આવશ્યક છે.

(૬) નિર્ણાયકોનો નિર્ણય મોટાભાગે નાટકનાં વિવિધ આયામો જેમકે થીમ, અભિનય, મંચ સજ્જા, ડિઝાઈન અને હાવભાવનાં આધારે કરવામાં આવશે.

(૭) નિર્ણાયકોની પેનલનો નિર્ણય અંતિમ અને બધાને બંધનકર્તા રહેશે.

(૮) સહાયકો પૃષ્ઠભૂમિમાંથી સંવાદ બોલશે અથવા પૃષ્ઠભૂમિ સંગીત માટે સંગીતનાં સાધનો ઓપરેટ કરશે. સહાયકો કોઈપણ સંજોગોમાં સ્ટેજ ઉપર પ્રવેશ કરશે નહીં.

## (૪.૨) લઘુનાટક

(૧) સંસ્થા દીઠ એક ટીમ ભાગ લઈ શકશે.

(૨) મહત્તમ ૭ સહભાગીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે.

(૩) પ્રસ્તુતિનો સમયગાળો મહત્તમ ૧૦ મિનિટનો રહેશે.

(૪) મેક–અપ, પડદા અને બેકગ્રાઉન્ડ મ્યુઝિકનો ઉપયોગ કરવાની અનુમતિ છે. કોઈપણ વ્યકિતગત ટિપ્પણી કરી શકાશે નહીં. કોઈની નિંદા, ચારિત્ર્યહનન વગેરે બાબતો(કટાક્ષ) વિવેકપૂર્ણરીતે પ્રસ્તુત કરી શકાય.

(૫) દરેક ટીમને ફાળવવાનો મહત્તમ સમય ૧૦ મિનિટ રહેશે.

(૬) નિર્ણાયકો નિર્ણયની પ્રક્રિયા સામાન્યરીતે થીમ, અભિનય, મંચ સજ્જા, ડીઝાઈન અને હાવભાવ જેવા ગુણો પર કરશે.

(૭) અભદ્ર વ્યવહાર ટાળવો જોઈએ. ફકત નિર્દોષ વ્યંગ અને રમૂજનો ઉમેરો કરી શકાય.

## (૩.૩) મૂક અભિનય

૧. સંસ્થાદીઠ એક કૃતિ મોકલવાની રહેશે.

૨. મહત્તમ પ્રતિસ્પર્ધીની સંખ્યા ૬ રહેશે.

૩. નિર્ણાયકોનો નિર્ણય મોટેભાગે વિચાર, પ્રસ્તુતિની સર્જનાત્મકતા, મેક–અપનો ઉપયોગ, સંગીત અને હાવભાવ જેવા ગુણો પર આધારિત હશે.

૪. કૃતિનો સમયગાળો ૫ મિનિટનો રહેશે.

## (૩.૪) મિમિક્રી

૧. સંસ્થાદીઠ એક પ્રતિસ્પર્ધી ભાગ લઈ શકશે.

૨. પ્રસ્તુતિનો સમયગાળો મહત્તમ ૫ મિનિટનો રહેશે.

૩. મશીનનાં અવાજ અથવા જાણીતા લોકો (ફિલ્મ અભિનેતા/અભિનેત્રી) સહિતનાં લોકોનું અનુસરણ કરી શકાશે.

૪. નિર્ણાયકોનાં મૂલ્યાંકનની પ્રક્રિયા અનુકરણ કૌશલ્ય, અવાજોની વિવિધતા અને પ્રસ્તુતિ પર આધારિત રહેશે.

# ૫. ફાઈન આર્ટસ (લલિતકલા)

## ૫.૧ ઓન ધ સ્પોટ પેઈન્ટીંગ

૧. દરેક સંસ્થા દીઠ એક પ્રતિભાગી ભાગ લઈ શકશે.

૨. સ્પર્ધાનાં સ્થળ ઉપર જ વિષય આપવામાં આવશે અને પ્રતિસ્પર્ધીઓએ સંયોજકશ્રીઓ દ્વારા અપાયેલા વિષય પર ચિત્ર દોરવાનું રહેશે.

૩. કૃતિ તૈયાર કરવાનો સમયગાળો ૨ કલાક ૩૦ મિનિટનો રહેશે.

૪. ડ્રોઈંગ પેપરની સાઈઝ ૨૨ ઈંચ X ૧૫ ઈંચ રાખવાની રહેશે.

૫. વોટર કલર, ઓઈલ કલર અથવા ઓઈલ પેસ્ટલનો ઉપયોગ કરી શકાશે.

૬. તમામ સામગ્રીની વ્યવસ્થા પ્રતિસ્પર્ધીએ જાતે કરવાની રહેશે.

## (૫.૨) કોલાજ મેકીંગ

(જુદા જુદા કાગળનાં કટીંગ ચોંટાડીને ચિત્ર તૈયાર કરવાની સ્પર્ધા)

૧. દરેક સંસ્થાદીઠ એક પ્રતિભાગી ભાગ લઈ શકશે.

૨. જુના મેગેઝીન કટીંગ અથવા વર્તમાનપત્રનાં પેપર્સનો ઉપયોગ કરવાનો રહેશે.

૩. કૃતિ તૈયાર કરવાનો સમયગાળો ૨ કલાક ૩૦ મિનિટનો રહેશે.

૪. ડ્રોઈંગ પેપરની સાઈઝ ૨૨ ઈંચ X ૧૫ ઈંચ રાખવાની રહેશે.

૫. તમામ સામગ્રીની વ્યવસ્થા પ્રતિસ્પર્ધીએ જાતે કરવાની રહેશે.

## (૫.૩) પોસ્ટર મેકીંગ

૧. દરેક સંસ્થા દીઠ એક પ્રતિભાગી ભાગ લઈ શકશે.

૨. સ્પર્ધાનાં સ્થળ ઉપર જ વિષય આપવામાં આવશે અને પ્રતિસ્પર્ધીઓએ સંયોજકશ્રીઓ દ્વારા અપાયેલા વિષય પર / થીમ પર પોસ્ટર તૈયાર કરવાનું રહેશે.

૩. કૃતિ તૈયાર કરવાનો સમયગાળો ૨ કલાક ૩૦ મિનિટનો રહેશે.

૪. ડ્રોઈંગ પેપરની સાઈઝ ૨૨ ઈંચ X ૧૫ ઈંચ રાખવાની રહેશે.

૫. તમામ સામગ્રીની વ્યવસ્થા પ્રતિસ્પર્ધીએ જાતે કરવાની રહેશે.

## (૫.૪) માટીકલા

### (માટી વડે ચોકકસ પ્રતિકૃતિ તૈયાર કરવાની સ્પર્ધા)

૧. દરેક સંસ્થા દીઠ એક પ્રતિભાગી ભાગ લઈ શકશે.

૨. સ્પર્ધાનાં સ્થળ ઉપર જ વિષય આપવામાં આવશે અને પ્રતિસ્પર્ધીઓએ સંયોજકશ્રીઓ દ્વારા અપાયેલા વિષય પર માટીનો ઉપયોગ કરી કૃતિ તૈયાર કરવાની રહેશે.

૩. કૃતિ તૈયાર કરવાનો સમયગાળો ૨ કલાક ૩૦ મિનિટનો રહેશે.

૪. વિષય / કૃતિનું કદ વગેરે અન્ય સૂચનાઓ સ્પર્ધા વખતે જાહેર કરવામાં આવશે.

૫. વોટર કલર, ઓઈલ કલર અથવા ઓઈલ પેસ્ટલનો ઉપયોગ કરી શકાશે.

૬. તમામ સામગ્રીની વ્યવસ્થા પ્રતિસ્પર્ધીએ જાતે કરવાની રહેશે.

રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, મહાત્મા મંદિર પાસે,ખ રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૧૬
Ramkrushna Paramhans Vidhya Sankul, Nr. Mahatma Mandir, Kh-Road, Sector-15, Gandhinagar-382016, Gujarat, India
Fax: 079-23288016, Phone: +91-79-23287338, 23243733/34
**Email**: contact@iite.ac.in, **Web** :www.iite.ac.in iitegandhinagar

## (૫.૫) કાર્ટૂનિંગ

૧. દરેક સંસ્થા દીઠ એક પ્રતિભાગી ભાગ લઈ શકશે.

૨. સ્પર્ધાનાં સ્થળ ઉપર જ વિષય / વિચાર આપવામાં આવશે અને પ્રતિસ્પર્ધીઓએ સંયોજકશ્રીઓ દ્વારા અપાયેલા વિષય પર કૃતિ તૈયાર કરવાની રહેશે.

૩. કૃતિ તૈયાર કરવાનો સમયગાળો ૨ કલાક ૩૦ મિનિટનો રહેશે.

૪. ડ્રોઈંગ પેપરની સાઈઝ ૨૨ ઈંચ X ૧૫ ઈંચ રાખવાની રહેશે.

૫. વોટર કલર, ઓઈલ કલર અથવા ઓઈલ પેસ્ટલનો ઉપયોગ કરી શકાશે.

૬. તમામ સામગ્રીની વ્યવસ્થા પ્રતિસ્પર્ધીએ જાતે કરવાની રહેશે.

## (૫.૬) રંગોળી

૧. દરેક સંસ્થા દીઠ એક પ્રતિભાગી ભાગ લઈ શકશે.

૨. કૃતિ તૈયાર કરવાનો સમયગાળો ૨ કલાક ૩૦ મિનિટનો રહેશે.

૩. તમામ સામગ્રીની વ્યવસ્થા પ્રતિસ્પર્ધીએ જાતે કરવાની રહેશે. અભિવ્યકિત ફ્રિહેન્ડ, ચિત્રાત્મક અથવા વર્ણનાત્મક પ્રકારની હોઈ શકે.

૪. નીચેનામાંથી કોઈપણ એક માધ્યમનો ઉપયોગ કરી શકાશે,

પોસ્ટર કલર, ફુલની પાંદડીઓ, લાકડાનો વેર, અનાજ

(અનાજ ચોટાડીને કૃતિ તૈયાર કરી શકાશે નહીં.)

૫. આયોજકો દ્વારા નિયત થયેલ કદ પ્રમાણેની કૃતિ તૈયાર કરવાની રહેશે.

## (૫.૭) ફોટોગ્રાફી

(૧) દરેક સંસ્થા દીઠ એક પ્રતિભાગી ભાગ લઈ શકશે.

(૨) પ્રતિભાગીએ પોતાનો ડિજિટલ કેમેરા / મોબાઈલનો ઉપયોગ કરવાનો રહેશે.

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન
Indian Institute of Teacher Education
(A State Public University established by Government of Gujarat)

(૩) સમયમર્યાદા ૨:૩૦ મિનિટની રહેશે.

(૪) પ્રતિભાગીએ નિર્ણાયકો દ્વારા સ્પર્ધા સમયે જાહેર કરેલી થીમ પર પાંચ ફોટોગ્રાફસ જમા કરાવવાના રહેશે.

(૫) ફોટો મિક્સીંગ / મોર્ફીંગ / એડીટીંગ કરેલ ફોટોગ્રાફ માન્ય ગણાશે નહીં.

(૬) ફોટોશોપ જેવી એપથી સુધારો કરેલ ફોટોગ્રાફ માન્ય ગણાશે નહીં.

(૭) સ્પર્ધા માટે જમા કરાવેલ ફોટોગ્રાફસનો યોગ્ય લાગે ત્યારે ઉપયોગ કરવાનો અધિકાર આયોજકોનો રહેશે.

(૮) ફોટોગ્રાફીનું મૂલ્યાંકન – પ્રભાવ, સંયોજન, તકનીકી ગુણવત્તા અને વિશિષ્ટ થીમ માટે સુસંગતતાનાં આધારે કરવામાં આવશે.

## (૫.૮) ઈન્સ્ટોલેશન

૧. આ સ્પર્ધા અંતર્ગત આપવામાં આવેલ થીમ / વિષયને પ્રતીત કરતી કૃતિ / ગોઠવણ (વેસ્ટમાંથી બેસ્ટ પ્રકારની ગોઠવણ) કરવાની રહેશે. જેનુ કદ ૫ ફુટ લંબાઈ, ૫ ફુટ પહોળાઈ અને ૫ ફુટ ઉંચાઈની રહેશે.

૨. કૃતિ તૈયાર કરવાની સમયમર્યાદા ૨:૩૦ કલાક રહેશે.

૩. સહભાગીઓ તે બધી જ સામગ્રીનો ઉપયોગ કરી શકશે કે જેનો ઉપયોગ કાર્ટૂનિંગ, પેઈન્ટિંગ, રંગોળી, પોસ્ટર મેકીંગ, કોલાજ અને માટી કામ સ્પર્ધા જેવી અન્ય કલા રચનાઓમાં ઉપયોગ કરે છે. પ્રતિસ્પર્ધી પોતાની આસપાસ રહેલા વેસ્ટ અથવા કોઈપણ મટીરીયલમાંથી થીમ આધારિત પ્રતિકૃતિ તૈયાર કરી શકશે.

૪. પ્રતિસ્પર્ધીઓને બજારમાં ઉપલબ્ધ કોઈપણ રચિત છબીઓ અથવા સ્વરૂપોનો ઉપયોગ કરવાની અનુમતિ મંજૂરી નથી. તેઓએ કાચા માલથી તેમની કૃતિ તૈયાર કરવાની રહેશે.

૫. આ જૂથ પ્રવૃત્તિ હોવાના કારણે ૪ પ્રતિસ્પર્ધીઓ એક જ જગ્યાએ ભેગા થઈને ભાગ લઈ શકે છે પરંતુ નિયત કદની એક જ કૃતિ તૈયાર કરવાની રહેશે.

રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, મહાત્મા મંદિર પાસે,ખ રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૧૬
Ramkrushna Paramhans Vidhya Sankul, Nr. Mahatma Mandir, Kh-Road, Sector-15, Gandhinagar-382016, Gujarat, India
Fax: 079-23288016, Phone: +91-79-23287338, 23243733/34
**Email**: contact@iite.ac.in, **Web** :www.iite.ac.in iitegandhinagar

## (૫.૯) મહેંદી

(૧) નિર્ણાયકશ્રીનો નિર્ણય – મૌલિકતા, સર્જનાત્મકતા, સૌંદર્યલક્ષી સુશોભન કલાનાં આધારે કરવામાં આવશે.

(૨) હેન્ડપ્રિન્ટ, કોઈપણ પ્રકારનાં મોલ્ડ કે સુશોભન સામગ્રીનો ઉપયોગ કરી શકાશે નહીં.

(૩) તમામ સામગ્રી વિદ્યાર્થીએ પોતાની જાતે લાવવાની રહેશે.

(૪) સમયાવધિ ૨ કલાકની રહેશે.

(૫) મહેંદીની લઘુત્તમ લંબાઈ હથેળીથી હાથનાં આગળનાં ભાગ સુધી ન્યુનતમ છ ઈંચ વિસ્તરાયેલી હોવી જોઈએ.

(૬) પ્રતિસ્પર્ધીએ મોડેલનાં બંને હાથની હથેળી બાજુનાં ભાગમાં મહેંદી મુકવી જરૂરી છે. મોડેલ તરીકે કોઈનાં પણ હાથનો ઉપયોગ કરી શકાય છે.

(૭) પ્રત્યેક ભાગ લેનાર સંસ્થા ફકત એક વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન કરી શકશે.

કોઈપણ પ્રકારની સ્પષ્ટતા અથવા માર્ગદર્શન માટે સંપર્ક –

જતિન ભટ્ટ – ૯૨૨૮૧૮૯૮૮૬

વિદ્યાર્થી કલ્યાણ અધિકારી, આઈ.આઈ.ટી.ઈ.,ગાંધીનગર, ગુજરાત